# ઉત્તર ગુજરાતના વડાલીમાં 12 ઈંચ વરસાદ ખાબક્યો

**સૌરાષ્ટ્ર** અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું રેડ એલર્ટ

**ઉત્તર** અને મધ્ય ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કરતું હવામાન વિભાગ



| રાજ્યના જુદા જુદા તાલુમાં 24 કલાકમાં પડેલો વરસાદ | |
|---|---|
| વડાલીમાં | 12 ઈંચ |
| ખેડબ્રહ્મામાં | 10 ઈંચ, |
| બનાસકાંઠા દાંતામાં | 9 ઈંચ |
| ઈડરમાં | 5 ઈંચ |
| અરવલ્લી મેઘરજમાં | 4.6 ઈંચ |
| સતલાસણામાં | 4.6 ઈંચ |
| મોડાસામાં | 4.3 ઈંચ |
| વિજયનગરમાં | 3 ઈંચ |
| કાલાવાડમાં | 4.33 ઈંચ |
| કેશોદમાં | 3.82 ઈંચ |
| માણાવદરમાં | 3.66 ઈંચ |
| કુતીયાણામાં | 3.58 ઈંચ |
| પડધરીમાં | 3.54 ઈંચ |
| જોડીયામાં | 2.8 ઈંચ |
| મેંદરડામાં | 2.76 ઈંચ |
| રાણાવાવમાં | 2.13 ઈંચ |

ગાંધીનગર : આજે રવિવારે રાજ્યમાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રમાં હળવાથી ભારે વરસાદ થયો છે. રાજ્યમાં સરેરાશ 147 તાલુકાઓમાં વરસાદ સાથે બનાસકાંઠાના અમીરગઢમાં 5 ઈંચ વરસાદ થયો છે. જ્યારે ગુજરાત પર હજુયે સક્રિય રહેલી લો પ્રેશર સિસ્ટમની અસર હેઠલ આગામી 24 કલાકની અંદર બનાસકાંઠા, નવસારી, વલસાડ, દમણ, દદરા નગર હવેલી , સૌરાષ્ટ્રમાં જામનગર , રાજકોટ, પોરબંદર, જુનાગઢ અને દ્વારકામાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કરાયુ છે. જ્યારે આગામી 4થી 5 દિવસ માટે પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, ભરૂચ, સુર, ડાંગ, તાપી, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, મોરબી, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરાયુ છે.

છેલ્લા 24 કલાકની અંદર રાજ્યમાં 159 તાલુકાઓમાં સરેરાશ વરસાદ થયો હતો. SEOCના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે રાજ્યમાં ચોમાસાની મોસમનો સરેરાશ 16.41 ટકા વરસાદ થયો છે. સરદાર સરોવર નર્મદા ડેમમાં 50.27 ટકા જળ સંગ્રહ થયેલો છે. ડેમમાં પાણીની આવક 15889.25 ક્યૂસેક છે, જ્યારે ડેમમાંથી 29707.63 ક્યૂસેક પાણી છોડાઈ રહ્યું છે. 8 ડેમ છલોછલ ભરાયા છે. જ્યારે 14 ડેમ હાઈ એલર્ટ પર, 9 ડેમ એલર્ટ પર રખાયા છે. રાજ્યમાં બચાવ કામગીરી માટે એનડીઆરએફની 13 ટીમો તથા એસડીઆરએફની 20 ટીમો તૈનાત કરાયેલી છે.

# ઝગડિયામાં 500 રૂપિયાની નોટ વહેંચતા બે 35 હજાર સાથે ઝડપાયા

**ડાંગ** જિલ્લામાં 81.02 ટકા મતદાન, કપરાડામાં 4 ઈંચથી વધુ વરસાદ છતાં મતદારો મત આપવા ઉમટી પડ્યા

**સાંજે** પાંચ વાગ્યા સુધીમાં નવસારીમાં 73.81 ટકા, ભરૂચમાં 58.23 ટકા, તાપી જિલ્લામાં 70.63 ટકા મતદાન નોંધાયું

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વરસતા વરસાદ વચ્ચે પણ મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સાંજે વાગ્યા સુધીમાં નોંધાયેલા મતદાન મુજબ ભરૂચ જિલ્લાની પંચાયતીરાજની ચૂંટણીમાં 58.23 ટકા મતદાન, જ્યારે 20 પેટા ચૂંટણીમાં 67.28 ટકા મતદાન થયું હતું. તાપી જિલ્લામાં સરેરાશ મતદાન ૭૦.૬૩ નોંધાયું હતું. જેમાં ડોલવણ તાલુકામાં 74.63 ટકા સાથે સૌથી વધુ મતદાન નોંધાયું હતું. આદિવાસી વસ્તી ધરાવતા ડાંગ જિલ્લામાં સૌથી વધુ મતદાન સાથે અંદાજિત ૮૧.૦૨ ટકા જેટલું મતદાન નોંધવા પામ્યું હતું. તો બીજી તરફ નવસારી જિલ્લામાં 45 ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં 73.81 ટકા મતદાન અને 14 ગ્રામ પંચાયતની પેટા ચૂંટણીમાં 63.94 ટકા મતદાન થયું હતું. વલસાડ જિલ્લામાં સામાન્ય ચૂંટણીમાં 126 સરપંચ ઉમેદવાર અને 770 વોર્ડ સભ્ય અને 10 સરપંચ અને 10 સભ્ય માટે ની પેટા ચૂંટણી યોજાઈ હતી.

કપરાડા તાલુકામાં 68.84 ટકા મતદાન તેવી જ રીતે ઉમરગામ તાલુકામાં સરેરાશ 69 ટકા મતદાન જ્યારે પારડી તાલુકામાં 81.35 ટકા મતદાન થયું હતું.

ઝઘડિયા તાલુકાના પીપલપાન ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં શનિવારે રાત્રે 12 વાગ્યે સરપંચના ઉમેદવાર પદ્માબેન વસાવાના બે સાગરીતો પૈકી વિજેન્દ્રસિંહ ડાહ્યાભાઈ વસાવા અને મોતીસિંહ લક્ષ્મણભાઈ વસાવા એક મતના 500 રૂપિયાની વહેંચણી કરતા હતા. આ બાબતની ફરિયાદ અંગે ચૂંટણી પંચે તપાસ મધરાત્રે તંત્ર દોડી આવતાં બને સમર્થક પાસેથી ચૂંટણી અધિકારીએ રોકડા રૂપિયા 35000 કબજે કર્યા હતા.

# ગ્રામ પંચાયત ચૂંટણીમાં સુરત જિલ્લામાં આશરે ૭૭.૩૭% જેટલું ઊંચું શાંતિપૂર્ણ મતદાન

**૯૫,૫૬૭થી** વધુ મતદારોનો ઉત્સાહ, વરસાદી માહોલ વચ્ચે પણ મતદાન માટે ઉમટી પડ્યા મતદારો

**મહિલાઓ વધુ સક્રિયઃ સ્ત્રી મતદારોની ટકાવારી ઓછી નહીં**

મતદાન કરનાર કુલ 95,567 મતદારમાં 48,737 સ્ત્રીએ અને 46,830 પુરુષે મતદાન કર્યું. એટલે મતદાનમાં મહિલાઓનું યોગદાન વધુ રહ્યું. બીજી તરફ પેટા ચૂંટણીમાં કુલ 32,230 પાત્ર મતદાર હતા, જેમાંથી 19,514એ મતદાન કર્યું હતું. 9,954 પુરુષ અને 9,560 સ્ત્રીએ મતદાન કર્યું.

સુરતઃ સુરત જિલ્લામાં ગ્રામ્ય લોકશાહીના પર્વરૂપે યોજાયેલી ગ્રામ પંચાયતની સામાન્ય અને પેટા ચૂંટણી-2025ને મતદારોનો ભરપૂર પ્રતિસાદ મળ્યો છે. જિલ્લાની 62 ગ્રામ પંચાયતની યોજાયેલી સામાન્ય ચૂંટણી અને 17 પંચાયતમાં યોજાયેલી પેટા ચૂંટણી માટે કુલ 95,567 મતદારે મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહી માટેની જવાબદારી નીભાવી હતી. સુરત જિલ્લાના તમામ તાલુકાઓનું સરેરાશ મતદાન આશરે 77.37 ટકા નોંધાયું છે.

વિશેષ વાત એ રહી કે મતદારો વહેલી સવારે 7 વાગ્યાથી જ મતદાન મથકો પર પહોંચતા જોવા મળ્યા હતા. વરસાદી વાતાવરણ હોવા છતાં પણ મતદારોના ઉત્સાહમાં કોઇ ઘટાડો જોવા મળ્યો નહીં. સુરત જિલ્લાના 131 મતદાન મથક પર શાંતિપૂર્ણ માહોલમાં બેલેટ પેપર દ્વારા મતદાનની પ્રક્રિયા સંપન્ન થઈ. જિલ્લા ચૂંટણી અધિકારી ડો. સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળમતદાન શાંતિપૂર્ણ પાર પડ્યું. પેટા ચૂંટણીનો પરિપ્રેક્ષ્યમાં જોવાઈ રહ્યું છે કે સરેરાશ 60.55 ટકા મતદાન નોંધાયું છે.

**તાલુકાવાર સરેરાશ મતદાન ટકાવારી**

| તાલુકો | સરપંચ મતદાન % | સભ્ય મતદાન % |
|---|---|---|
| બારડોલી | 66.22% | 67.07% |
| ચોર્યાસી | 59.30% | 58.02% |
| મહુવા | 53.96% | 53.06% |
| માંડવી | 63.77% | 64.94% |
| માંગરોળ | 60.75% | 59.82% |
| ઓલપાડ | 75.83% | 54.65% |
| ઉમરપાડા | 66.92% | 66.92% |

**ચૂંટણીને લઈને કેટલીક મહત્વની બાબતો**

- મહુવા, ચોર્યાસી અને માંગરોળ જેવા તાલુકાઓમાં મતદાનનું પ્રમાણ સરેરાશ કરતાં ઓછું રહ્યું છે.
- ઓલપાડ અને ઉમરપાડા તાલુકાઓમાં મતદાનમાં ઊંચી ટકાવારી નોંધાઈ. જે સ્થાનિક લોકોની ચૂંટણીમાં રસ દર્શાવે છે.
- પુરુષોની તુલનામાં મહિલાઓ પણ હવે વધુ સંખ્યામાં મતદાન કેન્દ્ર સુધી પહોંચતી થઈ.

# અત્યાર સુધીમાં કુલ ૨૫૧ મૃતકોના ડીએનએ સેમ્પલ મેચ થયા, ૨૪૫ પરિવારજનોને સોંપાયા

**૬** પરિવારો નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારશે

**એર ઈન્ડિયાના પ્લેન ક્રેશનો કાટમાળ લઈ જતાં ટ્રકને અકસ્માત નડ્યો**

અમદાવાદ : ગત તા.12મી જૂને અમદાવાદના મેઘાણીનગર વિસ્તાર ઉપર તૂટી પડેલા એર ઈન્ડિયાના વિમાનનો કાટમાળ લઈ જતી વખતે શાહીબાગ એસીબીની ઓફિસ માટે આ ટ્રકને અકસ્માત નડયો હતો. વિમાનની પુંછડીનો ભાગ લીમડાના ઝાડમાં ફસાઈ ગયો હતો.જેના પગલે આ રસ્તો બંધ કરીને તેને કાઢવાની કામગીરી કરાઈ હતી. અમદાવાદ મેઘાણીનગર વિસ્તારમાં તૂટી પડેલા AI171 ડ્રિમ લાઈનર વિમાનના કાટમાળના નિકાલ સમયે પણ વિમાનની એસીબી ઓફિસ પાસે ટેલ ફસાઈ હતી. પ્લેન ક્રેશ સમયે ટેલ બિલ્ડીંગમાં ફસાઈ હતી. જ્યારે કે રવિવારે સવારે ફસાયેલી ટેલને ટ્રકમાં લઇ જતા સમયે ACB ઓફિસ નજીક ઝાડમાં ફસાઈ હતી. ટેલનો ભાગ ઝાડ સાથે ફસાતા ટેલ ફાટી ગઈ હતી. જેના બાદ પોલીસ અને ફાયર વિભાગની ટીમને ટેલને ઝાડમાંથી હટાવવાની કામગીરી કરવી પડી હતી.

અમદાવાદ : વિમાન દુર્ઘટનામાં ૨૫૧ મૃતકોનાં ડીએનએ સેમ્પલ મેચ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૨૪૫ પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાવામાં આવ્યા છે, જ્યારે ૬ પરિવારો નજીકના સમયમાં સ્વજનોના પાર્થિવ દેહ સ્વીકારશે એમ સિવિલ હોસ્પિટલ સુપરિન્ટેડન્ટ ડો.રાકેશ જોશીએ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું. સિવિલ હોસ્પિટલ ખાતે ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, ૨૪૫ મૃતકોમાં ૧૭૬ ભારતના નાગરિક, ૭ પોર્ટુગલના, ૪૯ બ્રિટિશ નાગરિક, એક કેનેડિયન તેમજ ૧૨ નોન પેસેન્જરનો સમાવેશ થાય છે.

ડો.રાકેશ જોશીએ સોંપવામાં આવેલા પાર્થિવ દેહોની વિગતો પૂરી પાડી હતી. તેમણે કહ્યું કે, ઉદયપુર ૭, વડોદરા ૨૪, ખેડા ૧૧, અમદાવાદ ૭૦, મહેસાણા ૭, બોટાદ ૧, જોધપુર ૧, અરવલ્લી ૨, આણંદ ૨૬, ભરૂચ ૭, સુરત ૧૨, પાલનપુર ૧, ગાંધીનગર ૭, મહારાષ્ટ્ર ૨, દીવ ૧૪, જુનાગઢ ૧, અમરેલી ૨, ગીર સોમનાથ ૫, મહીસાગર ૧, ભાવનગર ૧, લંડન ૧૦, પટના ૧, રાજકોટ ૩, રાજસ્થાન ૨, મુંબઈ ૧૦, નડિયાદ ૧ , જામનગર ૨, પાટણ ૩, દ્વારકા ૨ તેમજ સાબરકાંઠાના ૧, નાગાલેન્ડ ૧, મોડાસા ૧, ખંભાત ૨, પુણે ૧, મણિપુર ૧ના પાર્થિવ દેહો સ્વજનોને સોંપવામાં આવ્યા હતાં.

# સુરતમાં આજથી શરૂ થશે એસ.એસ.સી. અને એચ.એસ.સી. પૂરક પરીક્ષાઓ

**49108** વિદ્યાર્થીઓ 62 સેન્ટરો પર આપશે પરીક્ષા, તમામ કેન્દ્રો CCTVથી સજ્જ

**સુરત** માટે 72 નવસારીનાં અને નવસારી માટે 31 સુરતના ઓબઝર્વરો નિયુક્ત કરવામાં આવ્યા

**વિદ્યાર્થી સમયસર કેન્દ્ર પર પહોંચે તે માટે એસટી અને સિટી બસ સાથે સંકલન**

પરીક્ષા કેન્દ્રો સુધી સાહિત્ય પહોંચાડવા માટે પોલીસ અને વાહન વ્યવસ્થાનું સંકલન સુચારૂ રીતે અમલમાં મૂકવામાં આવ્યું છે. GSRTC અને સિટી બસોની મદદથી વાહન વ્યવસ્થા, તેમજ ડિજીવીસીએલ અને ટોરેન્ટ પાવર દ્વારા વીજ પુરવઠાની ખાતરી આપવામાં આવી છે. નોંધનીય છે કે પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓ અને વાલીઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ સમયસર કેન્દ્ર પર પહોંચે અને પરીક્ષા સંબંધિત સૂચનાઓનું પાલન કરે. તમામ કેન્દ્રો પર સુરક્ષા અને ટેકનિકલ વ્યવસ્થા દૃઢ બનાવાઈ ગઈ છે જેથી નિર્વિઘ્ન પરીક્ષા થાય.

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં આજથી ધોરણ 10 અને ધોરણ 12 વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાઓનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આપવામાં આવેલી આ પૂરક પરીક્ષાઓ માટે સુરત જિલ્લામાં કુલ 49108 વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. સમગ્ર જિલ્લામાં 62 પરીક્ષા કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે જ્યાં તમામ કેન્દ્રો CCTV કેમેરાની સુવિધાથી સુસજ્જ બનાવવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, ધોરણ 10 માટે કુલ 29469, ધોરણ 12 સામાન્ય પ્રવાહ માટે 7516, જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં 12123 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષાઓ માટે 1940 રૂમો અને 62 બિલ્ડિંગ્સ ફાળવવામાં આવ્યા છે. જેમાં ધોરણ 10 માટે સૌથી વધુ 34 કેન્દ્રો, 12 સામાન્ય પ્રવાહ માટે 7 કેન્દ્રો અને વિજ્ઞાન પ્રવાહ માટે 21 કેન્દ્રો છે. તમામ 62 પરીક્ષા કેન્દ્રો પર CCTV કેમેરા લગાવવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જિલ્લા કક્ષાની વિવિધ બેઠકોએ પરીક્ષા વ્યવસ્થા અંગેની સંપૂર્ણ સમીક્ષા કરી છે. બેઠક તા. 17/05/2025ના રોજ યોજાઈ હતી અને તમામ તૈયારીઓ પૂર્ણ થવાની માહિતી અધિકારીઓ દ્વારા આપવામાં આવી છે. એડિશનલી મેટવાપાત્ર સાહિત્ય જેવાં પ્રશ્નપત્રો અને જવાબપત્રો સ્થળ પર મોકલાઈ ગયા છે. સુરત માટે 72 નવસારી અને 31 સુરતના ઓબઝર્વરો નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમના સંપર્ક માટે અધિકારીઓના ફોન નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે.

# આજે વિધાનસભાની કડી અને વિસાવદર બેઠકની પેટા ચૂંટણીનું પરિણામ

**કડી** બેઠક માટે 57.09 જ્યારે વિસાવદર માટે 56.89 ટકા જેટલું મતદાન થયું છે

ગાંધીનગર : આવતીકાલે કડક સલામતી વ્યવસ્થા વચ્ચે કડી તથા વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીનું પરિણામ જાહેર કરાશે. આવતીકાલે સવારે 8 વાગ્યાથી શરૂ થનારી મતગણતરી પ્રક્રિયામાં કુલ 21 રાઉન્ડ યોજાશે, જે ઉમેદવારોનું રાજકીય ભાવી નક્કી કરશે.

કડી વિધાનસભા બેઠકની પેટાચૂંટણીની મતગણતરી મહેસાણાના મેવડ એન્જિનિયરિંગ કોલેજ ખાતે હાથ ધરાશે. સવારે 8 વાગ્યે શરૂ થનારી આ પ્રક્રિયા 14 ટેબલ પર કુલ 21 રાઉન્ડમાં પૂર્ણ થશે. મતગણતરીની કામગીરીમાં 200 થી વધુ કર્મચારીઓ જોડાશે. કડી વિધાનસભાની પેટાચૂંટણીમાં કુલ 2,89,927 મતદારો પૈકી 1,67,891 મતદારોએ મતદાન કર્યું હતું, આ બેઠક પર કુલ 57.51 ટકા જેટલું મતદાન નોંધાયુ હતું.વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીનું પરિણામ પણ આવતીકાલે જાહેર થશે. જૂનાગઢની કૃષિ યુનિવર્સિટી ખાતે સવારે 8 વાગ્યાથી મતગણતરી હાથ ધરાશે.

કડી બેઠક માટે 57.09 ટકા મતદાન થયું છે જ્યારે વિસાવદર બેઠક માટે 56.89 ટકા જેટલું મતદાન નોંધાયું છે. કડી બેઠક માટે ભાજપના ઉમેદવાર રાજુભાઈ ચાવડા , કોંગ્રેસના રમેશભાઈ ચાવડા અને આપ પાર્ટીના જગદીશ ચાવડા તથા પૂર્વ સીએમ શંકરસિંહ વાઘેલાની પ્રજાશકિત્ત પાર્ટીના ડૉ ગિરીશ કાપડિયા સહિત આઠ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યાં છે. જ્યારે વિસાવદર બેઠક પર ભાજપના ભાજપના કિરીટ પટેલ , કોંગ્રેસના નીતિન રાણપરિયા , આપ પાર્ટીના ગોપાલ ઈટાલીયા અને પ્રજા શકિત્ત પાર્ટીના કિશોર કાનકડ સહિત 16 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યાં છે.

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

### ઉપરવાસમાં પણ સામાન્ય...

કુકરમુંડામાં ૧૩ મીમી, ચોપડવાવમાં ૪૫ મીમી અને કાકડીમ્બામાં ૩૯ મીમી વરસાદ નોંધાયો હતો. ઉકાઈ ડેમની સપાટી ૩૧૫.૧૩ ફુટ નોંધાઈ છે. ડેમમાં પાણીની આવક અને જાવક ૮૦૦ ક્યુસેક નોંધાઈ છે.

### ભરૂચની નર્મદા...

અંતે સ્થાનિક માછીમારો પોતાનો જીવ જોખમમાં મૂકીને નાવડી દ્વારા બંનેને સુરક્ષિત રીતે બહાર કાઢવા પહોચ્યા હતા. અને બંને જણાને નદીના સામે છેડે સલામત રીતે કાઢ્યા હતા. આટલી જોખમી પરિસ્થિતિમાંથી બહાર આવ્યા છતાં, આ પ્રેમી યુગલના ચહેરા પર કોઈ ભય જોવા મળ્યો ન હતો.

### સુરત જિલ્લાના...

છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી પાંચ દિવસ દક્ષિણ ગુજરાતમાં મેઘસવારી યથાવત રહેશે અને ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમો વરસાદ વરસી શકે છે.

### ઈરાન - ઇઝરાયલ...

ક્રૂડ ઓઈલના ભાવ સીધા 15 ડોલર વધી ગયા છે. WTI ક્રૂડનો ભાવ 73.84 ડોલર, MURBAN નો ભાવ 77.39 અને જેમાંથી યાર્નનું રો મટીરિયલ બને છે એ BRENT ક્રૂડનો ભાવ 77.01 ડોલર થઈ ગયો છે. બીજી તરફ નેચરલ ગેસનો ભાવ 3.847 થઈ ગયો છે. ક્રૂડનો ભાવ સીધો 15 ડોલર વધી જતા સ્વભાવિક એની અસર કાપડ ઉદ્યોગ પર પડશે જ, પેટ્રોલિયમ પ્રોડક્ટની બાય પ્રોડક્ટમાંથી POY યાર્ન અને પોલિએસ્ટર કાપડ બને છે. અત્યારે ક્રૂડ ઓઈલ, યાર્નના રો મટીરિયલ અને યાર્નના ભાવ આસમાને છે. હજી વધી શકે છે, એને લીધે ગ્રે કાપડના ભાવ અને સાડી, ડ્રેસ મટીરિયલ, દુપટ્ટાનના ભાવો પણ વધશે.

સુરત નાયલોન વિવર્સ એસોસિએશનના પ્રમુખ મયુરભાઈ ચેવલીએ જણાવ્યું હતું કે, પોલિએસ્ટર, મધર યાર્ન, નાયલોન, વિસ્કોસ યાર્નના ભાવો કિલોએ સીધા 10 રૂપિયા વધી ગયા છે. ક્રૂડ ઓઈલના ભાવ, પેટ્રો પ્રોડક્ટની વેસ્ટ બાય પ્રોડક્ટના ભાવો વધતા તમામ પ્રકારના યાર્નના ભાવો કિલોએ 10 રૂપિયા સુધી વધી ગયા છે.

### દસ વર્ષથી ભેગા...

પત્નિ નિલુના 15 ગ્રામ વજનનું 22 કેરેટનું સોનાનું મંગળસૂત્ર રૂ.25,000 તથાં 10 ગ્રામ વજનની 22 કેરેટની સોનાની કાનની બુટ્ટી રૂ.5,000 તથાં 5 ગ્રામ વજનની ચાંદીની અંગુઠી રૂ.500 તથાં તેની સાથે મુકેલ રૂ.25,000 રોકડ રકમ અને છેલ્લાં દસ વર્ષથી ભેગાં કરેલ અંદાજીત એક કિલો વજનના ભારતીય ચલણના જૂના સિક્કાઓ મળી કુલ્લે રૂ.1,00,000 ના મત્તાની ચોરી કરી નાસી છૂટ્યા હતા. બનાવ અંગે રાજેશકુમારની ફરિયાદના આધારે ડિંડોલી પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ઈનડોર સ્ટેડિયમ...

ઉપર પહોંચ્યો હતી. વાયરીંગ બળી જવાને કારણે ટાવરમાંથી ધુમાડો ખૂબ જ મોટા પ્રમાણમાં નીકળતો હતો. મજુરા ફાયર સ્ટેશનના અધિકારી અભિષેક ગઢવીએ જણાવ્યું કે, ખાનગી કંપનીના મોબાઈલ ટાવરમાં આગ લાગવાની ઘટના બનતા જ અમે ઘટના સ્થળ ઉપર પહોંચ્યા હતા. કંપનીના એન્જિનિયર પણ ત્યાં જ હાજર હતા અને પોલીસનો સ્ટાફ પણ હતો. મોબાઈલ ટાવરની અંદર જે વાયરીંગ હતું તેમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે પહોંચ્યા ત્યારે ટાવરમાંથી ધુમાડો વધારે પ્રમાણમાં નીકળતો હતો. સતત પાણીનો મારો ચલાવીને ધુમાડો નીકળવાનો બંધ ન થાય ત્યાં સુધી કુલિંગનું કામ કર્યું હતું.

### સુરતમાં પહેલીવાર...

પણ આવીજ પવન ચક્કી લાગશે જેમાં બેટરી બેકઅપની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. સુરત શહેર નવતર ઊર્જા ઉત્પાદનમાં એક પગથિયું આગળ વધી રહ્યું છે. જો આ પાયલોટ સફળ થાય તો ગુજરાતમાં સૌપ્રથમ રહીને રહીશોના ઘરમાલિકો માટે પણ પવન ચક્કી એક નવી હકીકત બની શકે છે.

### પાણીપુરી ખાધા...

પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વધુ તપાસ સરથાણા પોલીસ કરી રહી છે. ત્રીજા બનાવમાં મૂળ મહારાષ્ટ્ર નંદુરબારના વતની અને હાલ મોટા વરાછા રામ ચોક ખાતે નવી બંધાતી કન્સ્ટ્રક્શન સાઈટ પર રહેતા અશોક પડવી ત્યાં જ મજૂરીકામ કરી પત્ની તેમજ ત્રણ સંતાનનું ભરણપોષણ કરે છે. અશોકભાઈના ત્રણ સંતાન પૈકી ચાર વર્ષીય નીમાને છેલ્લા બે દિવસથી તાવ આવતો હતો. રવિવારે સવારે તેણીને ઊલટી શરૂ થઈ હતી. ત્યારબાદ વધુ તબિયત લથડતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. આ અંગે વધુ તપાસ ઉત્રાણ પોલીસ કરી રહી છે.

### અમેરિકામાં 23 કરોડની...

ટેક્સાસના પશ્ચિમ જિલ્લાના યુએસ એટર્ની જસ્ટિન સિમોન્સે જણાવ્યું હતું કે કિશન પટેલે સરકારી અધિકારીઓનો ઢોંગ કરીને અને સરકારી કાર્યવાહી થશે એ રીતે ડરાવીને વૃદ્ધો પાસેથી લાખો ડોલરની છેતરપિંડી કરી હતી. બીજા એક ગુજરાતી ધ્રુવ માંગુકિયાને 16 જૂને દોષિત ઠેરવ્યા હતા. જો કે તેને હજુ સજા ફટકારાઈ નથી.

**વરસાદ વચ્ચે પણ ગરમી એક ડિગ્રી વધીને 31.9, રાત્રીનું તાપમાન 3 ડિગ્રી ઘટ્યું**

તાપમાનની વાત કરીએ તો વરસાદ છતાં આજે સુરત શહેરમાં મહત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો વધારો નોંધાયો છે. આજનું મહત્તમ તાપમાન ૩૧.૯ ડિગ્રી સેલ્સિયસ, જ્યારે લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી ઘટીને ૨૫.૮ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૯૧ ટકા નોંધાયું હતું. પવન દક્ષિણ પશ્ચિમ દિશામાંથી ૧૨ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો, જેને કારણે વાતાવરણમાં ઠંડક અને ભીનાશનો અહેસાસ રહ્યો.

# સરથાણા નેચરપાર્ક પાસે પે એન્ડ પાર્કના ઈજારદાર બેફામ ફી વસૂલતા હોવાનો આક્ષેપ

**ઇજારદાર** દીપકમલ એજન્સી દ્વારા સહેલાણીઓ પાસેથી બમણો પાર્કીંગ ચાર્જ વસુલાતો હોવાની ફરિયાદ




સુરત : સુરત શહેરના સરથાણા વિસ્તારમાં આવેલું મનપા સંચાલિત પ્રાણી સંગ્રહાલય - નેચર પાર્ક રવિવારના દિવસે મુલાકાતીઓથી ખીચોખીચ ભરાયેલું હોય છે, જેના કારણે પાર્કિંગની સમસ્યા ઉભી થાય છે. આ સ્થળે પે એન્ડ પાર્કની સુવિધા ઈજારદાર દીપકમલ દ્વારા સંચાલિત છે, પરંતુ તેમની વ્યવસ્થા અને ફી ઉઘરાવવાની પદ્ધતિ અંગે ગંભીર આક્ષેપો થયા છે. સ્થળ પર પાર્કિંગની અવ્યવસ્થા અને નિયમોનું પાલન નહીં થવાની ફરિયાદો પણ સામે આવી રહી છે. રવિવારે ભારે ભીડનો લાભ લઈ ઈજારદાર દ્વારા નિયત કરેલી પાર્કીંગ ફી ની જગ્યાએ આડેધડ સ્લીપ બનાવી લૂંટ મચાવી હોવાના આક્ષેપો પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડીયા દ્વારા કરાયા છે.

સરથાણા નેચર પાર્કની બહાર 400 મીટરનું પાર્કિંગ ઉપલબ્ધ છે, જેમાં કાયદેસર રીતે ત્રણ કલાકના સમયગાળા માટે ટુ-વ્હીલરના 10 રૂપિયા અને ફોર-વ્હીલરના 30 રૂપિયાની ફી નક્કી કરવામાં આવ્યા છે. જોકે, ઈજારદારના કર્મચારીઓ દ્વારા મનફાવે તેમ 250, 200, 100, 50 અને 20 રૂપિયા જેવી ફી ઉઘરાવવામાં આવે છે, જે નિયમોનું ઉલ્લંઘન છે. આ ઉપરાંત, ઈજારદાર દીપકમલ પર આક્ષેપ કરાયા છે કે તેઓ પાર્કિંગની ફીની વસૂલાત મોલ સુધી કરે છે, જે ગેરકાયદે છે. ઈજારદારને જેટલી પાર્કીંગની જગ્યા નિયત કરાઈ છે તેના કરતા વધુ જગ્યામાં પાર્કીંગ કરાવી આડેધડ ફી વસુલવામાં આવી રહી છે. તેમજ નજીકમાં પાર્કીંગની ફી નું બોર્ડ પણ નથી. તેવી ફરીયાદો ઉઠી છે. મનપા દ્વારા લોકોની સવલત માટે પે એન્ડ પાર્કીંગની સુવિધા આપવામાં આવી છે પરંતુ ઘણી જગ્યાએ પે એન્ડ પાર્કીંગના નામે ઈજારદારો પોતાની મનમાની કરતા હોય તેવી ફરીયાદો છાશવારે ઉઠતી રહે છે. રવિવારે સરથાણા નેચરપાર્કમાં ભારે ભીડ આવતી હોય, ઈજારદાર દ્વારા બેફામ રીતે પાર્કીંગની ફી વસુલવામાં આવી રહી હોય તેવા આક્ષેપ થયા છે. મનપાના અધિકારીઓની મીલીભગતના કારણે ઈજારદારો બેફામ થયા છે તેવા પણ આક્ષેપો ઉઠ્યા છે.

**અનુસંધાન** ... પાના પહેલાનું

### ભારતે જૂનમાં...

માં યુક્રેન પરના આક્રમણ પછી તરત જ રશિયા પાસેથી મોટા પ્રમાણમાં તેલ આયાત કરવાનું શરૂ કર્યું. આનું મુખ્ય કારણ એ હતું કે પશ્ચિમી પ્રતિબંધો અને કેટલાક યુરોપિયન દેશો દ્વારા ખરીદી ટાળવાના કારણે રશિયન ઓઈલ અન્ય આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક કરતાં નોંધપાત્ર ડિસ્કાઉન્ટ પર ઉપલબ્ધ હતું.

### દરેક અમેરિકન હવે...

સ્થળો પર અમેરિકન હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. અમેરિકાએ ઈરાનના હવાઈ ક્ષેત્રનું ઉલ્લંઘન કરીને ઈરાન સામે ગુનો કર્યો છે. પશ્ચિમ એશિયાઈ ક્ષેત્રમાં તેનું કોઈ સ્થાન નથી. ''યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિશ્રી, તમે શરૂઆત કરી અને અમે તેને પૂર્ણ કરીશું,'' ઈરાની પ્રસારણકર્તાએ કહ્યું.

### અમેરિકાએ પોતે જ...

ટેકો આપીને ડીપ્લોમસી સાથે દગો કર્યો હતો, એમ મંત્રાલયે જણાવ્યું હતું. હવે, યહુદી શાસન દ્વારા કરવામાં આવેલા ઉલ્લંઘનો અને ગુનાઓની સાંકળ પૂર્ણ કરીને, અમેરિકાએ પોતે જ ઈરાન સામે ખતરનાક યુદ્ધ શરૂ કર્યું છે એમ કહેતા તેમાં ઉમેર્યું હતું કે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન યુએસ લશ્કરી આક્રમણ અને આ બદમાશ શાસન દ્વારા કરવામાં આવેલા ગુનાઓ સામે સંપૂર્ણ બળથી પ્રતિકાર કરવાનો અને ઈરાનની સુરક્ષા અને રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવાનો પોતાનો અધિકાર અનામત રાખે છે.”

અગાઉ, વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી, જેમણે સોશિયલ પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યું હતું, તે અમેરિકનો દ્વારા ઇસ્ફહાન, ફોર્ડો અને નાતાન્ઝ પર કરવામાં આવેલા હુમલાઓ પર ટિપ્પણી કરનાર પ્રથમ રેન્કિંગ અધિકારી હતા. આજે સવારે બનેલી ઘટનાઓ આઘાતજનક છે અને તેના કાયમ રહેનારા પરિણામો આવશે એમ અરાઘચીએ લખ્યું હતું તેમણે ઉમેર્યું હતું કે યુએન ચાર્ટર અને સ્વ-બચાવમાં કાયદેસર પ્રતિભાવ આપવાની મંજૂરી આપતી તેની જોગવાઈઓ અનુસાર, ઈરાન તેના સાર્વભૌમત્વ, હિતો અને લોકોનું રક્ષણ કરવા માટે તમામ વિકલ્પો અનામત રાખે છે.

### ઈરાનના ભૂગર્ભ...

સ્થળની આસપાસ કાટમાળ ઉડતો હતો. તેમાં દર્શાવવામાં આવ્યું હતું કે સુવિધા પર ખાસ યુએસ બંકર બસ્ટર બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હવામાં આછો રાખોડી ધુમાડો પણ લટકતો હતો. ઈરાને હજુ સુધી સ્થળને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કર્યું નથી. અન્ય સેટેલાઇટ છબીઓમાં હુમલા પહેલા ઈરાને ફોર્ડો ખાતે ટનલના પ્રવેશદ્વાર સીલ કર્યા હતા.

### અમેરિકા ઈરાન...

દ્વારા ઇઝરાયલ અને ઇરાન વચ્ચેના યુદ્ધમાં સામેલ થયા પછી મધ્ય પૂર્વમાં વધુ લડાઇ તરફ દોરી શકે તેવા જોખમનો સામનો કરી રહ્યો છે. 12 જૂને ઇઝરાયલ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાઓમાં ઇરાનના પરમાણુ સુવિધાઓ અને સેનાપતિઓને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેના કારણે ઇરાને બદલો લેવાનું શરૂ કર્યું હતું. જ્યારે યુએસ અધિકારીઓએ સાવધાની રાખવાની વિનંતી કરી હતી અને ભાર મૂક્યો હતો કે વોશિંગ્ટન દ્વારા ફક્ત પરમાણુ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા, ત્યારે ઇરાને આ કાર્યવાહીને તેના બંધારણ, સાર્વભૌમત્વ અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવીને ટીકા કરી હતી. ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ રવિવારે કહ્યું હતું કે તેહરાન જે પણ પગલાં લે છે તેના માટે વોશિંગ્ટન ''સંપૂર્ણપણે જવાબદાર'' છે.

### ઈરાનના રાષ્ટ્રપતિ...

વિગતવાર ચર્ચા કરી. તાજેતરની ઉગ્રતા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.'' વડા પ્રધાને ઉમેર્યું હતું કે, ''તાત્કાલિક તણાવ ઓછો કરવા, વાતચીત અને રાજદ્વારી નીતિ અપનાવીને આગળ વધવા અને પ્રાદેશિક શાંતિ, સુરક્ષા અને સ્થિરતાની વહેલી તકે પુનઃસ્થાપનાનું આહ્વાન કરીએ છીએ.''

ઈરાની પરમાણુ સુવિધાઓ પરના અમેરિકાના હુમલાથી વ્યાપક પ્રાદેશિક સંઘર્ષનો ભય પેદા થયો છે, જેમાં ઘણા અગ્રણી દેશો અને જૂથોએ સંયમ રાખવાની હાકલ કરી છે.

### ઈરાન સામેની...

કાર્યક્રમને નષ્ટ કરવાના ઉદ્દેશ્યથી ત્રણ સ્થળો પર હુમલો કર્યો. હુમલો કરાયેલા સ્થળોમાં ફોર્ડો, નાતાન્ઝ અને ઇસ્ફહાનનો સમાવેશ થાય છે. “યુનાઇટેડ સ્ટેટ્સની અદ્ભુત અને વાજબી શક્તિથી ઈરાનના પરમાણુ મથકોને નિશાન બનાવવાનો તમારો (ટ્રમ્પનો) હિંમતભર્યો નિર્ણય ઇતિહાસ બદલી નાખશે,” એમ નેતન્યાહૂએ કહ્યું હતું. “ઓપરેશન રાઇઝિંગ લાયનમાં, ઇઝરાયલે ખરેખર અદ્ભુત કાર્યો કર્યા છે. પરંતુ આજે રાત્રે ઈરાનના પરમાણુ મથકો સામેની કાર્યવાહીમાં, અમેરિકા ખરેખર અજોડ રહ્યું છે. તેણે એવું કર્યું છે જે પૃથ્વી પરનો બીજો કોઈ દેશ કરી શક્યો નહીં,” એમ ઇઝરાયલી વડા પ્રધાને કહ્યું હતું. આજે તેમના નેતૃત્વએ ઇતિહાસનો એક એવો માર્ગ બનાવ્યો છે જે મધ્ય પૂર્વ અને તેમના ઉપરાંતના દેશોને સમૃદ્ધિ અને શાંતિના ભવિષ્ય તરફ દોરી શકે છે એમ નેતન્યાહૂએ ભારપૂર્વક જણાવ્યું હતું. પ્રમુખ ટ્રમ્પ અને હું ઘણીવાર કહીએ છીએ: શક્તિ દ્વારા શાંતિ. પહેલા શક્તિ આવે છે, પછી શાંતિ આવે છે એમ ઇઝરાયલી વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું. અને આજે રાત્રે, પ્રમુખ ટ્રમ્પ અને અમેરિકાએ ખૂબ જ શક્તિ સાથે કામ કર્યું એમ તેમણે કહ્યું હતું. ઇઝરાયલના રાષ્ટ્રપતિ આઇઝેક હર્ઝોગે ઇરાની પરમાણુ સુવિધાઓ પરના અમેરિકાના હુમલાને ‘નિર્ણાયક ક્ષણ’ અને સ્વતંત્રતા, જવાબદારી અને સુરક્ષાનો વિજય ગણાવ્યો હતો.

### ઇરાનના ત્રણ અણુ...

આવશે નહીં. ઈરાન અને યુએન પરમાણુ નિરીક્ષક સંસ્થાએ જણાવ્યું હતું કે હુમલાઓ પછી ત્રણ સ્થળોએ કિરણોત્સર્ગી દૂષણના કોઈ તાત્કાલિક સંકેતો નથી. અમેરિકન હુમલા પછી લેવામાં આવેલી સેટેલાઈટ છબીઓ, જેનું વિશ્લેષણ એસોસિએટેડ પ્રેસ દ્વારા કરવામાં આવ્યું છે, તે ફોર્ડો સુવિધાના પ્રવેશદ્વારોને નુકસાન દર્શાવે છે, જે પર્વતમાં ઊંડે ખોદવામાં આવ્યું છે, જ્યારે હવામાં આછો રાખોડી ધુમાડો છવાયો હોવાનું દેખાયું હતું. પ્લેનેટ લેબ્સ પીબીસી દ્વારા આપવામાં આવેલી છબીઓમાં પર્વતને નુકસાન દર્શાવવામાં આવ્યું છે, જે દેખીતી રીતે તેની પ્રવેશ સુરંગોને અવરોધિત કરે છે, જેનો અર્થ છે કે ઈરાને અંદર કંઈપણ પહોંચવા માટે નવી વ્યવસ્થા કરવી પડશે. તે સ્પષ્ટ નથી કે શું અમેરિકા તેના સાથી ઈઝરાયલ સાથે મળીને ઈરાન પર હુમલો કરવાનું ચાલુ રાખશે કે કેમ? જે નવ દિવસથી ઈરાન સાથે યુદ્ધમાં રોકાયેલું છે. વિશ્વભરના દેશો રાજદ્વારી ઉકેલ અને શાંતિ માટે હાકલ કરી રહ્યા છે. ટ્રમ્પે કોંગ્રેસની મંજૂરી વિના જ આ કાર્યવાહી કરી હતી અને તેમણે ચેતવણી પણ આપી હતી કે જો તેહરાન અમેરિકી દળો સામે બદલો લેશે તો વધારાના હુમલા કરવામાં આવશે. કાં તો શાંતિ થશે અથવા ઈરાન માટે કરૂણાંતિકા સર્જાશે એમ ટ્રમ્પે કહ્યું હતું.

અમેરિકન હુમલાના કલાકો પછી, ઈરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડે જણાવ્યું હતું કે તેણે ઈઝરાયલ પર 40 મિસાઈલોનો હુમલો કર્યો હતો, જે મિસાઈલોમાં તેના ખોરમશહર-4નો પણ સમાવેશ થાય છે, જે અનેક બોમ્બ વહન કરી શકે છે. ઈઝરાયલી અધિકારીઓએ અહેવાલ આપ્યો હતો કે 80 થી વધુ લોકોને મોટાભાગે નાની ઈજાઓ થઈ હતી, જો કે તેલ અવીવમાં એક બહુમાળી ઈમારતને નોંધપાત્ર નુકસાન થયું હતું, તેનો આખો રવેશ ફાડી નાખવામાં આવ્યો હતો જેથી અંદરના એપાર્ટમેન્ટ ખુલ્લા પડી ગયા. શેરીની બાજુના ઘરો લગભગ સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. એક અમેરિકન અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલામાં ઈરાનના ફોર્ડો પરમાણુ બળતણ સંવર્ધન પ્લાન્ટ પર બંકર-બસ્ટર બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે પ્લાન્ટ પર્વતની અંદર ઊંડે બનાવવામાં આવ્યો છે અને સૌથી વધુ ચર્ચા એની જ હતી. બંકર બસ્ટર બોમ્બ જમીનની અંદર પ્રવેશી વિસ્ફોટ કરી શકે છે. વધુમાં, અમેરિકન સબમરીન દ્વારા લગભગ 30 ટોમાહોક મિસાઈલો છોડવામાં આવી હતી, એમ અન્ય એક અમેરિકન અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

### ઈરાન પર હુમલો...

‘મધ્ય પૂર્વના ગુંડા’ તરીકે ગણાવ્યો હતો અને ચેતવણી પણ આપી કે જો તે શાંતિ નહીં બનાવે તો યુએસ વધારાના હુમલાઓ કરી શકે છે.ઈરાનની પરમાણુ સુવિધાઓ પર બોમ્બમારા અંગે અગાઉ જાહેરાત થયા પછી ટ્રમ્પે વ્હાઇટ હાઉસમાં કહ્યું, ''જો ઈરાન આવું નહીં કરે તો ભવિષ્યના હુમલા ઘણા મોટા અને ઘણા સરળ હશે.''ટ્રમ્પે આ હુમલાને લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યાના પ્રતિભાવ તરીકે દર્શાવ્યા છે, ભલે તેનો ઉદ્દેશ્ય ઈરાનને પરમાણુ શસ્ત્રો વિકસાવવાથી રોકવાનો હોય.ટ્રમ્પે કહ્યું, ''40 વર્ષથી ઈરાન ‘અમેરિકાનું મોત’, ‘ઈઝરાયલનું મોત’ કહેતું રહ્યું છે.'' ''તેઓ આપણા લોકોને મારી રહ્યા છે, રસ્તાના કિનારે બોમ્બથી તેમના હાથ-પગ ઉડાવી રહ્યા છે.''

### વિશ્વના અનેક.

છે એમ તેમણે કહ્યું હતું. બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે ઈરાનને કટોકટીનો રાજદ્વારી રીતે અંત લાવવા માટે વાટાઘાટોના ટેબલ પર પાછા ફરવાનું આહ્વાન કર્યું, અને કહ્યું કે આ અસ્થિર પ્રદેશમાં સ્થિરતા એ પ્રાથમિકતા છે. અત્રે નોંધનીય છે કે યુકે, યુરોપિયન યુનિયન, ફ્રાન્સ અને જર્મનીએ સાથે મળીને, ગયા અઠવાડિયે જીનીવામાં ઈરાન સાથે રાજદ્વારી ઉકેલ લાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. યમનના હુથી બળવાખોરો અને હમાસ બંનેએ યુએસ હુમલાઓની નિંદા કરી છે. હુથીઓએ ઝિયોનિસ્ટ અને અમેરિકન આક્રમણ સામેની લડાઈમાં ઈરાનને ટેકો આપવાની પ્રતિજ્ઞા લીધી હતી. ચીનના સરકાર સંચાલિત મીડિયા દ્વારા એક ફ્લેશ ટિપ્પણીમાં પૂછવામાં આવ્યું હતું કે શું અમેરિકા પોતે ઈરાકમાં કરેલી ભૂલનું ઇરાનમાં પુનરાવર્તન કરી રહ્યું છે? ચીનના સરકારી પ્રસારણકર્તાની વિદેશી ભાષાની શાખા CGTNના ઓનલાઈન લેખમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકી હુમલાઓ એક ખતરનાક વળાંક છે. ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, જાપાન જેવા દેશોએ પણ શાંતિ માટે હાકલ કરી છે.